૨૩૨૫૪૩૭૭ (નિયામક)
૨૩૨૫૪૪૧૧ (સંયુક્ત નિયામક)
૨૩૨૫૬૩૫૯ (હિસાબી અધિકારી)
૨૩૨૫૪૯૯૪ (ટી.સી.બ્રાંચ)
ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૫૯૭૬૦

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,
## ગુજરાત રાજ્ય

વિમા અને લેખા ભવન બ્લોક નં.૧૭,
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર-૩૮૨૦૧૦
E mail address:-supt-tc-dat@gujarat.gov.in

હિતિનિ/ટીસી/ફા.નં.૧૩૪/૪૦૮૯/૪૧૨૨/ તા.૦૬/૦૭/૨૦૧૩.

<u>પરિપત્ર:નં. ૭ /૨૦૧૩</u>

વિષય:- પેન્શન મંજુરીની જાણ કરતા પત્ર (ફોર્મ ૧૦) બાબત.

આથી તમામ તિજોરી અધિકારીશ્રીઓનું ઉકત વિષય પરત્વે ધ્યાન દોરતા જણાવવાનુ કે ગુજરાત તિજોરી નિયમ-૨૦૦૦ ના નિયમ-૨૫૭(૨) અન્વયે પેન્શનના પ્રથમ ચુકવણા સમયે પેન્શનરે પેન્શન અધિકૃત કરતા કચેરી ડીપીપીએફ/એલ.એફ દ્વારા મળેલ **પેન્શન મંજુરીની જાણ કરતા પત્રની નકલ (ફોર્મ-૧૦) સાથે** તિજોરી કચેરીમાં આવવાનુ હોય છે. નીચેનાં કારણોસર કારણોસર ફોર્મ ૧૦ની નકલ ન મળવાનાં કારણે પેન્શનર ફોર્મ ૧૦ રજુ કરી શકતા નથી

(૧) નિવૃત્તિ બાદ પેન્શનરનુ સરનામુ બદલવાથી તેઓને ટપાલ મળી શકેલ ન હોઇ.
(૨) નિવૃત્તિ બાદ સરકારી કવાર્ટર ખાલી કરેલ હોઇ
(૩) ટપાલમાં ફોર્મ ૧૦ની નકલ ખોવાઇ જવાથી
(૪) અધિકૃતી આપનાર કચેરી દ્વારા સરનામા લખવામાં ભુલ થવાથી.
(૫) કુદરતી કારણોસર નાશ થઈ ગયેલ હોઇ

ઉકત કારણોસર ફોર્મ ૧૦ની નકલ લેવા રાજ્યનાં જુદાજુદા જીલ્લાઓમાંથી તેઓને છેક ગાંધીનગર ડીપીપીએફ કચેરી/જે તે જીલ્લાની લોકલ ફંડ કચેરીમાં રૂબરૂ જવું પડે છે આ કામગીરી માટેને મુસાફરી માટે તેઓને ખુબ હાલાકી ભોગવવી પડે છે. જે બાબતે સહાનુભુતિ પુર્વકનું વલણ અપનાવવું ખુબ જરૂરી જણાતાં રાજયનાં તમામ તિજોરી અધિકારીઓ/પેન્શન પેમેન્ટ અધિકારીઓ ને જણાવવામાં આવે છે કે જો કોઇ પેન્શનર **પ્રથમ ચુકવણાં સમયે ફોર્મ ૧૦ની નકલ ન મળવાનાં કારણે પોતાની ફોર્મ ૧૦ની નકલ રજુ કરી શકે તેમ ન હોય તો તેમને આ નકલ મળી નથી તે બાબતની તેઓ પાસેથી લેખિત અરજી મળવી પ્રથમ ચુકવણું કરવાની કાર્યવાહી પુર્ણ કરવી.**

સંયુક્તનિયામક

પ્રતિ,
શ્રેયાન/જિલ્લા/ તિજોરી અધિકારીશ્રી......................
પેન્શન ચુકવણા કચેરી......................
નકલ રવાના :૧) નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી,હિ.તિ.નિ કચેરી, ગાંધીનગર.
૨) નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી,(પેન્શન) હિ.તિ.નિ કચેરી, ગાંધીનગર.